
Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com



॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT   ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર   Mo- 9016924808   સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 18,(SURAT), DATE-23/10/2024, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૧૮, (સુરત), તા.૨૩/૧૦/૨૦૨૪ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીક્ટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.

2 સિટીબસમાં થતી ટિકિટ ચોરી ડામવા નવા ૬૦ મશીન મૂકાશે

3 સાકરદા ગામથી દસ ગાય, સાત વાછરડા ભરી જતો ટેમ્પો ઝડપાયો

4 પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ માટે ઈ કેવાયસીની કામગીરી ઝડપી કરવા માટે તાકીદ કરાઈ

## શ્રી રાજપૂત કરની સેના, દક્ષિણ ગુજરાત પ્રમુખ મેહુલસિહ દેસાઈની અધ્યક્ષતા હેઠળ સુરત જિલ્લાના નવનિયુક્ત હોદ્દેદારોની વરણી કરવામાં આવી





**સુનિલ બી.પટેલ, બારડોલી–**

શ્રી રાજપૂત કરની સેના, દક્ષિણ ગુજરાત પ્રમુખ મેહુલસિહ દેસાઈની અધ્યક્ષતા હેઠળ સુરત જિલ્લા પ્રમુખ મીતુલ સિંહ સૂરમાં સુરત જિલ્લા મહામંત્રી તુમિલ સિંહ સોલંકી, સુરત જિલ્લા મીડિયા કન્વીનર હિમાંશુ ઠાકોર, બારડોલી શહેર મહામંત્રી જશપાલસિંહ પરમારની વિશેષ ઉપસ્થિતિમાં સુરત જિલ્લાના નવનિયુક્ત હોદ્દેદારોની વરણી કરવામાં આવી. સાથે બારડોલી સુરત મહામંત્રી, ઉપપ્રમુખ તથા રાજપુત સમાજ અગ્રણી અજીતસિંહ સૂરમાં તથા અન્ય રાજપૂત સમાજના હોદેદારો ઉપસ્થિત રહીને નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છા પાઠવી.

(૧) શ્રી ભરતસિંહ ચાવડા- તલવાર ટ્રેનર (સમગ્ર ગુજરાત), (૨) શ્રી પ્રિન્સ મહીડા (પ્રવક્તા), (૩)શ્રી સંજીવસિંહ ચૌહાણ ( સંયોજક),(૪) શ્રી વિજયસિંહ સોલંકી (સંગઠન મંત્રી) નવનિયુક્ત હોદ્દેદારોને ખૂબ ખૂબ અભિનંદન શુભેચ્છા પાઠવી હતી.

સાથે સાથે કેવડિયા ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ૨૬૦ કરોડના ખર્ચે ૫ એકર જમીનમાં રજવાડાઓનુ રોયલ કિંગડમ મ્યુઝિયમ બનાવવાની જાહેરાત ને શ્રી રાજપૂત કરણી સેના દક્ષિણ ગુજરાત અને સમગ્ર ક્ષત્રિય સમાજ પી. એમ. મોદીના આ નિર્ણયને આવકારે છે અને અત્યંત ખુશી લાગણી વ્યક્ત કરતા કરણી સેનાના હોદ્દેદારો દ્વારા બારડોલી શિવાજી ચોક ખાતે ફટાકડા ફોડી અને મીઠાઈ વહેંચી આનંદ વ્યક્ત કર્યો.

## શ્રી ખેડુત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. બાબેન બારડોલીની સાધારણ સભા મળી











**સુનિલ બી.પટેલ, બારડોલી–** શ્રી ખેડુત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. બાબેન બારડોલીની સાધારણ સભા મળી હતી. આ સાધારણ સભા તા. ૨૨/૧૦/૨૦૨૪ મંગળવારના રોજ ૯.૧૫ કલાકે કેદારેશ્વર મહાદેવ મંદીર હોલ કેદારેશ્વર ખાતે મળી હતી. આ સભામાં મડળીના બધાજ સભ્યો ઉપસ્થિત રહયા હતા.

આ સાધારણ સભામાં અનેક નિર્ણયો લેવાયા હતા. જેમાં સાંસ્થામાં મિલ મોર્ડનાઈઝેશન સાથે ૨૧ મે. વોટ. કો.જનરેશન પાવર પ્રેજેકટ ફેઝ ૧ ની કાર્યવાહી પુર્ણતાને આરે છે. જેઓ નવી પિલાણ સીઝન–૨૦૨૪–૨૫ કાર્યરત થશે. તેમજ ડેકકન સુગર ટેકનાોલાોજીસ્ટસ એસોશીએશન ઓફ ઈન્ડિયા–પુણે તરફથી બેસ્ટ સુગર ફેકટરી એવોર્ડ–૨૦૨૪ સૌની એકરાગિતા, જુથભાવના અને ઉત્કૃષ્ઠ કામગીરીથી જ આપણી સંસ્થાને ગૌરવપ્રશ્રાન થયું છે. આવનાર સમય અને પડકારો વચ્ચે પણ સૌ આથી પણ વિશેસ સિધ્ધિઓ અને પ્રગતિનાં શિખરો સર કરતાં રહીએ એ જ અભિલાષા સહ, સંસ્થાની સિદ્ધીનાં સહભાગી ઓને અભિનંદન આપવામાં આવ્યું હતું. અને આ સાધરન સભા અત્યંત સફલતાપુર્વક પુર્ણ થઈ હતી.

## શ્રી શાંતારામ ભટ ઇંગ્લીશ મીડીયમ સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા નાગરિક ઘડતરની પ્રવૃત્તિ અંતર્ગત અનાજની કીટનું વિતરણ










દિવાળીના સમયે લોકોના ચહેરા ઉપર આનંદ લાવવા વિદ્યાર્થીઓએ પોતાના પોકેટમની માંથી જરૂરિયાતમંદ લોકોને મદદ કરે અને તેઓમાં સમાજ ઘડતરની ભાવનાનો વિકાસ થાય માટે આવશ્યક ખાદ્ય ચીજવસ્તુઓ જેવી કે ઘઉં, કઠોળ, તેલ અન્ય ખાદ્ય ચીજવસ્તુઓ ધરાવતી કીટ બારડોલી તાલુકાના નાનીભટલાવ ગામના ૫૦ પરિવારો તેમજ વિધવા બહેનો માટે દિવાળીમાં દીપક પ્રગટાવવાનું કામ કરશે તે હેતુથી વિતરણ કર્યું હતું.વિદ્યાર્થીઓ પણ આગળ જઈ એક સારા લીડર તરીકે કામ કરે તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતાં નાનીભટલાવ ગામના યુવા સરપંચની મુલાકાત લીધી હતી. અંકિત ચૌધરીએ પોતાની કારકિર્દીની સફળ યાત્રા જણાવી વિદ્યાર્થીઓને પ્રેરણા આપી હતી.

સામન્ય રીતે એક સરપંચ દ્વારા ફક્ત ગામના રસ્તાઓ, બ્લોક કે શેરી લાઇટની જ જવાબદારી લેવામાં આવે છે, પરંતુ અંકિત ચૌધરીએ ગામના ભાવિ બાળકોના અભ્યાસ માટે ચિંતા કરી UPSC, IPSC,GPSC જેવી સરકારી પરીક્ષા તથા ફોરેસ્ટ, તલાટી, કોન્સ્ટેબલ બીજી ઘણી પરીક્ષાઓ ગામના બાળકો આપી શકે માટે રાત- દિવસ પુસ્તકાલય ખુલ્લું રાખેલ છે. શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ તરફથી દયા અને ઉદારતાના મૂલ્યો દાખવવા બદલ મંત્રી રમેશભાઈ પ્રમુખ નવીનભાઈ તથા આચાર્યા દિપીકાબેન દેસાઈએ અભિનંદન પાઠવ્યાં હતાં.




**દિવાળી નિમિત્તે ''ગુજરાત આત્મીયતા'' અખબાર દ્વારા તા. ૩૦/૧૦/૨૦૨૪ ના રોજ દિવાળી વિશેષાંક-૨૦૨૪ પ્રકાશીત થનાર છે. જેમાં આપની પોતાની શુભેચ્છા જાહેરાત, રોજગાર ધંધા, નોકરી, બર્થ -ડે, ઘર, ગાડી-લે-વેંચ જેવી જાહેરાતો રાહત દરે છપાવો અને આપણી બહોળી પ્રસિધ્ધી મેળવો....!!!**



ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## ટોબેકો યુથ કેમ્પેઈન ૨.૦ ઝુંબેશ : કામરેજ સહિતના વિસ્તારોમાંથી સ્ક્વોડ ટીમે દુકાનદારો પાસેથી રૂ.૩૬૦૦ નો દંડ વસૂલ્યો

બારડોલી- રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત સુરત જિલ્લા કક્ષાની સ્ક્વોડ ટીમે કામરેજ ખાતે તમાકુ વિક્રેતાઓ દ્વારા બિનઅધિકૃત રીતે તમાકુ વેચાણ કરનારા વેપારીઓ અને જાહેર સ્થળે ધૂમ્રપાન કરનારાઓને સ્થળ પર જ દંડની કામગીરી કરી રૂ.૩૬૦૦ દંડ વસૂલ કર્યો હતો.



મુખ્ય જિલ્લા આરોગ્ય અધીકારી અને ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામના નોડલ ઓફિસર ડો. અનિલ પટેલના માર્ગદર્શન હેઠળ તમાકુ વિરોધિ ઝુંબેશ હાથ ધરી સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડ્કટ એક્ટ-૨૦૦૩ એકટના સઘન અમલીકરણના ભાગરૂપે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.

જિલ્લા કક્ષાની સ્ક્વોડ ટીમ એપિડેમીક મેડિકલ ઓફિસર ડો. કૌશિક મહેતા, રાષ્ટ્રીય તમાકૂ નિયંત્રણ કાર્યક્રમના કાઉન્સેલર કિર્તીરાજ સોલંકી. સોસીયલ વર્કર મુકેશભાઈ શ્રીવાસ્તવ, તાલુકા હેલ્થ સુપરવાઈઝર જીગ્નેશભાઈ અને પી.આઇ એ.ડી. ચાવડા પોલિસના વિભાગના સહકારથી કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન તમાકુ વેચાણ કરતા વેપારીઓને સ્ક્વોડ ટીમ દ્વારા માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું અને નિયમોનુસાર તમાકુ વેચાણ કરતી દુકાનો પર લગાવાના નિયત માપ પ્રમાણે સુચના બોર્ડ લગાવવાની સુચનાઓ આપવામાં આવી હતી.

## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી ના નેતૃત્વમાં દેશભરમાં ભારતીય જનતા પાર્ટીનું સદસ્યતા અભિયાન અંતર્ગત ભાજપનાં સક્રિય કાર્યકર્તા તરીકે જીતેન્દ્રભાઈ ની સદસ્યતા નોધાવી

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી ના નેતૃત્વમાં દેશભરમાં ભારતીય જનતા પાર્ટીનું સક્રિય સદસ્યતા અભિયાન ચાલી રહ્યું છે, આજે આ અભિયાન અંતર્ગત ભારતીય જનતા પાર્ટીનાં સક્રિય કાર્યકર્તા તરીકે જીતેન્દ્રભાઈ ની સદસ્યતા નોધાવી હતી.

આ પ્રસંગે સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરતભાઈ રાઠોડ, સુરત જિલ્લા ભાજપ મહામંત્રીઓ કિશનભાઇ પટેલ,જીગરભાઈ નાયક અને રાજેશભાઈ પટેલ તેમજ બારડોલી તાલુકાનાં પ્રમુખ અને મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યા. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી નાં નેતૃત્વમાં આપણો દેશ વિકસિત ભારત તરફ વાયુ વેગે ગતિ કરી રહ્યો છે ત્યારે દેશભરમાં પ્રારંભ થયેલું આ અભિયાન સૌને રાષ્ટ્રસેવાનાં આ મહાયજ્ઞમાં આહુતિ આપવાનો અવસર પાઠવશે !





**ભારતીય જનતા પાર્ટીનાં સંગઠનને વધુ મજબૂત બનાવવામાં સિંહફાળો આપીયે એવી સુરત જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ જીતેન્દ્રભાઈ બામણી દ્વારા જનતાને અપીલ કરવામાં આવી છે**

## લાભ પાંચમથી ટેકાના ભાવે અનાજની ખરીદીનો આરંભ થશે

બારડોલી

રાજય સરકાર ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવ મળી રહે, માટે ખરીફ માર્કેટીંગ સીઝન ૨૦૨૪-૨૫ માં લઘુતમ ટેકાના ભાવે ડાંગર, બાજરી, જુવાર, રાગી, મકાઇની ખરીદી ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. મારફતે કરવામાં આવનાર છે. સુરત જિલ્લાના ખેડૂતો માટે પણ ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે.



લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા ઇચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઇન નોંધણી સમગ્ર રાજયમાં સ્થાનિકે ગ્રામ્ય કક્ષાએ ટઈઊ મારફતે તેમજ તાલુકા કક્ષાએ નિગમના ગોડાઉનમાં તા. ૩૧/૧૦/૨૦૨૪ સુધી ખેડુત ખાતેદારના બાયોમેટ્રીક ઓથેન્ટીકેશન દ્વારા જ કરવામાં આવશે. જેથી તે મુજબ નોંધણી કરાવવા તમામ ખેડૂતોને અનુરોધ છે. ટેકાના ભાવે ખરીદી તા. ૦૬/૧૧/૨૦૨૪ (લાભપાંચમ) થી તા. ૧૫/૦૧/૨૦૨૫ દરમ્યાન કરવામાં આવશે. બાજરી, જુવાર તથા રાગીમાં ટેકાના ભાવ ઉપરાંત રાજય સરકાર પ્રતિ ક્વિન્ટલ ૩૦૦ રૂપિયાનું બોનસ આપવામાં આવશે. ટેકાના ભાવે ખરીદી માટે નોંધણી કરાવેલ ખેડુતોને SMS મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડુતે પોતાનું આધારકાર્ડ ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ખેડુત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થો ખરીદ કરવામાં આવશે. નોંધણી કરાવતી વખતે તમામ ડોકયુમેન્ટસ સુવાચ્ય રીતે અપલોડ થાય તથા માગ્યા મુજબના જ અપલોડ થાય, તેની નોંધણી સ્થળ કાઉન્ટર છોડતા પહેલા ખાસ કાળજી રાખવી. ડોક્યુમેન્ટની ચકાસણી દરમ્યાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે. ક્રમ રદ થશે, અને ખરીદી માટે જાણ નહી કરવામાં આવે. નોંધણી બાબતે કોઇ મુશ્કેલી જણાય હેલ્પલાઇન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ પર સંપર્ક કરવા સુરત જિલ્લા મેનેજર અને જિલ્લા પુરવઠા અધિકારીએ જણાવ્યું છે. ડાંગર (કોમન) ૨૩૦૦, ડાંગર (ગ્રેડ- એ) ૨૩૨૦, મકાઇ ૨૨૨૫, બાજરી ૨૬૨૫, જુવાર ૩૩૭૧, જુવાર (માલદાંડી) ૩૪૨૧, રાગી ૪૨૯૦ પ્રતિ ક્વિન્ટલ લેખે ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે.

## સિટીબસમાં થતી ટિકિટ ચોરી ડામવા નવા ૬૦ મશીન મૂકાશે



સુરત- સિટીબસમાં ટિકિટ ચોરીનું દૂષણ ડામવા પાલિકાએ ફરી સળવળાટ કર્યો છે. ૨૦૧૭ થી ઉપયોગી ૧૨૫૦ ઇલેક્ટ્રોનિક ટિકિટ મશીન ૨G બેઝ હોવાથી ચોરી પર અંકુશ મેળવી પ્રક્રિયા ઝડપી બનાવવા હવે પહેલાં તબક્કામાં નવા ૬૦ ETM ખરીદવા તૈયારી દર્શાવી છે.

આ માટે GIZ જર્મની ડેલિગેટની હાજરીમાં પાલિકાને કંપનીએ પ્રેઝન્ટેશન કર્યું હતું, જેમાં ડેમો ઓપરેશનને સહમતી અપાઇ હતી. પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ સિટી લિંક બસમાં ટિકિટ માટે ૨૦૧૭ માં ૧૨૫૦ ETM નું ઓપરેશન શરૂ કરાયું હતું. જો કે, આ મશીનો ૨ G બેઝ હોવાથી અપડેટેડ ૪ કે ૫ મશીનની જરૂરિયાત દર્શાવાઇ હતી. પ્રાયોગિક ધોરણે લેટેસ્ટ મોડલનાં ૬૦ થી ૮૦ ETM લેવાનું નક્કી કરાયું છે. નવા મશીન WiFi ઇનેબલ્ડ હોવાથી બસ ફુલ હોય તો પણ ઝડપથી ટિકિટ આપવા સક્ષમ રહેશે, નવા ફિચરની સાથે ૮ કલાક બેટરી અને ૮ ઇ મેમરી ઇનબિલ્ટ સપોર્ટ હોવાનું પણ તેમણે ઉમેર્યું હતું. આગામી દિવસોમાં તમામ ૧૨૫૦ મશીન બદલાશે.

## તાપી લોકલ ક્રાઈમ બ્રાન્ચએ ચોરીના એક મોબાઈલ સાથે એક ઈસમને ઝડપી પાડ્યો

તાપી (વ્યારા)- તાપી લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ચોક્કસ બાતમીના આધારે બુહારી ગામેથી એક ઈસમને ચોરી કરેલા એક મોબાઈલ સાથે ઝડપી લઇ વાલોડ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ મોબાઈલ ચોરીનો એક ગુના ડિટેક્ટ ક્યો છે.



બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર આજ રોજ એલસીબીની ટીમ વણ ઉકેલ ગુનાઓની તપાસમાં હોય એ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીનાં આધારે વાલોડ પોલીસ સ્ટેશન પાર્ટ.એ ગુ.ર.નં. ૧૧૮૨૪૦ ૦૨૨૪૧૨૨૫/૨૦૨૪ બી.એન.એસ.ની કલમ-૩૦૩ મુજબના ગુનામાં ફરિયાદી ભાવનાબેન ભગુભાઇ હળપતી, જે રહે. બુહારી બોરડી ફળીયું તા.વાલોડ જિ.તાપીએ વિવો કંપની મોબાઇલ ફોન કોઈ અજાણ્યો શખ્સ ચોર ચોરી કરી લઇ ગયેલ હોય જેની ફરિયાદ વાલોડ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવેલ હતી.

જે ફોન બુહારીમાં રહેતો વસીમ અજીમ પઠાણ નામનો ઇસમ વાપરતો હતો. જે હાલ બુહારી માર્કેટ પાસે હોવાની માહિતીનાં આધારે બુહારી માર્કેટ ખાતે તપાસ કરતા સીમકાર્ડ ધારક આરોપી વસીમ અજીમ પઠાણ રહે-બુહારી રહિમનગર તા.વાલોડ જી.તાપી. પાસેથી ગુનામાં ચોરીનો મોબાઇલ ફોન મળી આવતાં મોબાઇલ ફોન બાબતે તેની પૂછપરછ કરતા અને મોબાઇલ ફોનના માલિકીના આધાર પુરાવા/બીલની માંગણી પોલીસ દ્વારા કરાતા તેની પાસે કોઇ બીલ કે કોઇ આધાર પુરાવા નહિ હોવાનું જણાયેલ, જેથી મોબાઇલ તેણે ચોરી અથવા છળકપટથી મેળવેલ હોવાનું પ્રાથમિક દ્રષ્ટીએ બહાર આવતા એલસીબી પોલીસે વસીમ પઠાણની અટક કરી હતી.

પોલીસે આરોપી પાસે મેળવેલ મુદ્દામાલમાં એક મોબાઇલ ફોનની કિ. રૂ.૧૦,૦૦૦/- ગણી વાલોડ પોલીસ સ્ટેશન પાર્ટ. એ ગુ.ર. નં. ૧૧૮૨૪૦ ૦૨૨૪૧૨૨૫/૨૦૨૪ કલમ- ૩૦૩ મુજબના ગુનામાં આગળની વધુ તપાસ સારૂ વાલોડ પોલીસ સ્ટેશન ખાતે સોંપેલ છે.

ચોરી કે છળકપટથી મેળવેલ રૂપિયા ૩૦,૯૯૯ ની કિમતના ત્રણ મોબાઇલ સાથે ઝડપી લઇ તપાસ હાથ ધરતા ત્રણેય ઈસમો વિરુદ્ધ શહેરના એ ડિવિઝન તથા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં મોબાઇલ ચોરી થયા અંગેના ગુના દાખલ થયા હોય આથી ત્રણેય શખ્સોને બી ડિવિઝન પોલીસને હવાલે મોબાઇલ ચોરીના ભેદ ઉકેલી આગળની કાર્યવાહી હાથ ધરી છે.




## જિલ્લામાં ડાંગર સહિતના પાકને અંદાજે રૂ. ૧૫૦ કરોડનું નુકસાન

બારડોલી- દક્ષિણ ગુજરાતમાં ભારે પવન સાથે વરસાદ પડવાથી ખેડૂતોના પાકને ભારે નુકસાન થયું છે. સરકાર તાત્કાલિક સર્વે કરાવી ખેડૂતોને વળતર ચૂકવવાની માંગ કરવામાં આવી છે. ખાસ કરીને જિલ્લામાં ડાંગરના પાકને મોટું નુકસાન હોય ખેડૂતોને સામી દિવાળીએ રોવાનો વારો આવ્યો છે. ત્યારે સરકાર ખેડૂતોના હિતમાં યોગ્ય નિર્ણય લે તેવી માંગ કરવામાં આવી છે.



સુરત જિલ્લામાં ડાંગર, શેરડી, શાકભાજી અને બાગાયતી પાકોને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.ખાસ કરીને, ડાંગરનો પાક કાપણી કરીને ખેતરમાં સુકાવા માટે રાખેલ હતો. તે પાણીમાં પલળી ગયો છે. ઉપરાંત, સુરત જિલ્લામાં હજારો હેક્ટરમાં થયેલ શેરડીનું વાવેતર પણ નષ્ટ થવાની આરે છે. સામી દિવાળીએ તૈયાર થઇ ગયેલા પાકને નુકસાન થતાં ખેડૂતોની હાલત કફોડી થઇ ગઇ છે. જેની સીધી અસર બજાર પર જોવા મળી રહી છે. નાના અને સીમાંત ખેડૂતો કે જેઓ આખું વર્ષ ડાંગરની ખેતીની કમાણી પર જીવતા હોય તેમને મોટો આર્થિક ફટકો પડ્યો છે.

ખેડૂતોને થયેલા નુકસાન અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી દર્શનકુમાર નાયકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આવેદન આપી નુકસાનીનું સર્વે કરાવવાની માગ કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતમાં હાલમાં ખેડૂતોના ખેતરમાં ડાંગરનો પાક તૈયાર થઇ ગયેલ છે તથા અનેક વિસ્તારમાં ડાંગર કાપણીની કામગીરી ચાલી રહેલ છે. પરંતુ ભારે પવન સાથે વરસેલા વરસાદને કારણે ડાંગરનાં તૈયાર થયેલ આશરે ૧.૧૮ લાખ હેક્ટર પાકમાં નુકસાન થયેલ છે.સુરત જિલ્લામાં અનેક વિસ્તારમાં જે ડાંગરનો પાક કાપણી કરીને ખેતરમાં સુકાવા માટે રાખેલ હતો. તે ડાંગર પણ પાણીમાં પલળી ગયેલ છે.

આ પલળી ગયેલ ડાંગરના ગ્રેડિંગ નીચે આવાને કારણે પણ ખેડૂતોને નુકસાન જશે આ વાત ચોક્કસ છે. આ જ રીતે બાજરી, જુવાર, તલ સહિતનાં પાકને નુકસાન થવા પામેલ છે. જેથી ખેડૂતોને ભારે આર્થિક નુકસાન થવાનું છે. વરસાદનાં કારણે જે વિસ્તારમાં ખેડૂતોના ડાંગર, શેરડી, શાકભાજી અને બાગાયતી પાક મળી આશરે ૧૫૦ કરોડ રૂપિયા કરતા વધુંનું નુકસાન થવા પામેલ છે. જેનો તત્કાળ સર્વે કરાવી ખાસ કિસ્સામાં જે ખેડૂતને નુકસાન થયેલ છે તેમને અને સુગર મિલો માટે આર્થિક પેકેજ જાહેર કરવામાં આવે તેવી માગ કરવામાં આવી છે.

શેરડીનું વાવેતર ફરી કરવું પડે તેવી નોબત શેરડીના પાકનું વાવેતર કરવામાં આવેલ છે. જેમ કે સાયણ સુગર હસ્તક ૫૭૦૦ એકર, બારડોલી સુગર ૧૪૯૨૮ એકર, ચલથાણ સુગર ૫૬૦૦ એકર, કામરેજ સુગર ૪૮૦૦ એકર,પંડવાઇ સુગર ૧૩૦૦ એકર, મહુવા સુગર ૧૪૦૦ એકર તથા ગણદેવી સુગર ૯૫૦૦ એકર મળી ૪૫૮૨૮ કુલ એકર જમીનમાં શેરડીનું વાવેતર કરવામાં આવેલ હતું. પરંતુ દક્ષિણ ગુજરાતનાં વિસ્તારમાં ભારે પવન સાથે પડેલ વરસાદને કારણે ખેડૂતોના શેરડીનો પાક યોગ્ય રીતે ઉગી શકે તેવી હાલતમાં નથી. જેથી આવા તમામ ખેડૂતોએ શેરડીનું ફરી વાવેતર કરવું પડે તેમ છે.જેને કારણે ખેડૂતોની હાલત કફોડી બની જવા પામેલ છે. જેથી આવા અસરગ્રસ્ત વિસ્તારમાં ખેડૂતોને થયેલ નુકસાન માટે સર્વે કરાવી આર્થિક સહાય ચૂકવવામાં આવે એ જરૂરી છે ત્યારે જ ખેડૂત ફરી પગભર થઇ શકે એમ છે.

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........



તંત્રી- હિમાંશુસિંહ ઠાકોર

### આખાય ભારતમાં ભણવું-શિક્ષણ લેવું એ કેટલું તણાવદાયી અને નીચોવી નાખનારું છે

આખાય ભારતમાં ભણવું-શિક્ષણ લેવું એ કેટલું તણાવદાયી અને નીચોવી નાખનારું છે એ આપણે સૌ જાણીએ છીએ. ગળાકાપ હરીફાઈ વિદ્યાર્થીઓની તંદુરસ્તીનો અને માનસિક શાંતિનો ભોગ લઈ રહી છે. એક બાળક મોટું થાય અને ૧૧મા ધોરણમાં આવે અને સૌની ગમતી સાયન્સ શાખામાં પ્રવેશ મેળવે એટલે એના પરનું દબાણ વધી જાય છે. માતાપિતાઓ કે વાલીઓ પોતાના સંતાનના અભ્યાસ-શિક્ષણ પ્રત્યે વધારે પડતા સાવધ અને કાળજી કરતાં થઈ જાય છે અને સ્કૂલ કે કોલેજનો અભ્યાસક્રમ શરૂ થતાની સાથે જ એ ભણતરને પૂરક નીવડે એવું, સપ્લિમેન્ટરી એવું કશું શોધવાના પ્રયાસમાં શ્રેષ્ઠ કોચિંગ ક્લાસ કે સેન્ટરની શોધમાં લાગી પડે છે. આવું એટલા માટે થાય છે કે, માતાપિતા એમનું સંતાન ૧૨મું ધોરણ પૂર્ણ કરતાની સાથે તેમનાં શહેરની કે દૂરના શહેરની શ્રેષ્ઠ એન્જિનિયરિંગ કે મેડિકલ કોલેજમાં ભણતું હોવાનું શમણું જોતાં હોય છે. આવું લગભગ દરેક વિદ્યાર્થી સાથે બને છે. માતાપિતાના શમણાની સાથે વિદ્યાર્થી પણ બીજાઓ કરતાં આગળ રહેવાની સ્પર્ધામાં જાણે-અજાણે જોડાઈ જ ગયો હોય છે. વિદ્યાર્થીઓ અને માતાપિતાના આવા શમણાંને સંતોષવા માટે કોચિંગ સેન્ટરો કે ક્લાસો જ શ્રેષ્ઠ સંભવિત વિકલ્પ છે.

આવી ખાનગી શિક્ષણ સંસ્થાઓનાં પાટિયા કોઈ પણ શહેરના દરેક નુક્કડ અને ગલીના ખૂણે લટકતાં જોવા મળે છે અને દરેક સંસ્થા શહેરની બીજી કોઈ શિક્ષણ સંસ્થા નહીં આપી શકે એવું કડકડતું અને શ્રેષ્ઠ ભવિષ્ય તમારા સંતાનને આપવાનું વચન આપે છે... પણ બાળકને શિક્ષણ અને જ્ઞાન આપવાના હેતુ સાથે શરૂ કરાયેલી આ શિક્ષણ સંસ્થાઓ આજે એ હેતુથી ખાસ્સી દૂર હોવાનો અનુભવ તમારામાંથી અનેક જણને થયો હશે! આ સંસ્થાઓ, આમાંની કેટલીક સંસ્થાઓ રૂમની મેકિંગ બિઝનેસ નો હેતુ સાકાર કરનારી અને અપવાદરૂપ સુવિધાઓ સાથે અપવાદ રૂપ શિક્ષણ આપવાનાં પોકળ વચનો આપી લોકોને ખો આપી દેનારી બની રહી હોવાનું વારંવાર અને જુદા જુદા અહેવાલોમાં જણાવાયું છે. એક નિષ્ણાતે તો ત્યાં સુધી કહ્યું છે કે, રૂઆ સંસ્થાઓ જે ફી વસૂલે છે તે એટલી મોટી હોય છે કે તેની સામે તેના દ્વારા અપાતું શિક્ષણ એ ફીની તુલનામાં ચણા-મમરાપણ ન આવે એટલું અને એવું હોય છે.

આવા અહેવાલો અને સર્વેક્ષણોમાંથી હાથ આવેલા નિષ્કર્ષોને માની લઈએ તો એવો મહત્ત્વનો સવાલ ઊભો થાય છે કે, આવા કોચિંગ ક્લાસો કે સેન્ટરો એક વિદ્યાર્થીનું ભાવિ ઘડવામાં શું ખરેખર મહત્ત્વની ભૂમિકા ભજવે છે? હવે તો પાછું ઓનલાઈન કોચિંગનો જમાનો આવ્યો છે ત્યારે અન્ય એક અહેવાલ જણાવે છે કે, ખાનગી કોચિંગનો પ્રસાર થવાને પગલે શિક્ષણ ઉદ્યોગમાં એક સમાંતર શિક્ષણ ઉદ્યોગ વિકસ્યો છે, જેનું નામ કોચિંગ છે અને એને કારણે વિદ્યાર્થીઓમાં ભણતર સંબંધી વાતાવરણ સુધર્યું છે અને હવે તો ઓનલાઈન શિક્ષણજૂથોના આગમન પછી શિક્ષણ ક્ષેત્રમાં ખાસ્સો સુધારો જોવાયો છે! ખેર, આ વાત શીરાની જેમ ગળે ઊતરી જાય એવું અનેકોને નથી લાગતું, કારણ કે હજી સંશોધનો આનાથી વિપરીત ચિત્ર દેખાડે છે.

આપણે થોડાં વર્ષો પાછળ જઈએ તો જોવા મળશે કે લોકમાન્ય બાળ ગંગાધર ટિળકે માંડલેની જેલમાંથી એટલે કે લગભગ ૧૯૧૨ના સુમારે તેમના સંતાનોનાં ભણતરની ચિંતા વ્યક્ત કરતાં પત્રો લખ્યા હતા. ટિળક જેલમાં હતાં અને તેમનાં પત્ની હયાત નહોતાં. એમને સંતાનોના પાલનપોષણની અને ખાસ કરીને એમનાં શિક્ષણની બહુ ફિકર થતી. એમાં પણ સંતાનોનું મેટ્રિકનું વર્ષ હતું એટલે જાતે હાજર ન હોઈને સંતાનોના ભણતર વિશે સતત વિચારતા રહેતા હતા. એનો અફસોસ પણ વ્યક્ત કરતા હતા. મેટ્રિકમાં ભણતાં સંતાનોએ વધારાનો, એક્સ્ટ્રા કે પૂરક અભ્યાસ કરવો એ વિચાર એ કાળમાં પણ એટલો જ પ્રચલિત હતો જેટલો આજે છે. આજે એ વિચારે સંચાર માધ્યમોની ઝડપી ગતિશીલતાને પગલે ટેન્શનનું સ્વરૂપ લીધું છે. માતાપિતાઓનાં આવા ટેન્શનોમાંથી ખાનગી કોચિંગ ક્લાસ રૂબિઝનેસ સેક્ટર બન્યાં છે ત્યારે એવું પણ બન્યું છે કે, ખરા અર્થમાં મન દઈને વિદ્યાર્થીઓને પૂરક જ્ઞાન-શિક્ષણ આપતી સંસ્થા વિરુદ્ધ વધારે કલાકો ભણાવવામાં બાળકોનો સમય ખર્ચ કરાવવાનો આક્ષેપ કરીને કેસ કરાયો હોય.

પ્રામાણિકતા સામે આવો કેસ કરાતો હોય ત્યારે એમાં કોના કોના હિત હોઈ શકે એવો સવાલ અવશ્ય થાય. આવા સવાલના સમયગાળામાં જ ખાનગી શિક્ષણ વર્ગો (કોચિંગ ક્લાસો) સંબંધે એક અહેવાલ બહાર આવ્યો હતો, જેમાં આવા ક્લાસોના નિયંત્રણ માટેનો પ્રસ્તાવિત કાયદો, એમાંની જોગવાઈઓ અને આક્ષેપો તથા એ કાયદાના અમલમાં ઢીલ વગેરેનો મામલો ફરી ચર્ચાની પતંગ બન્યો છે.

ઈનોવા કાર ભાડે થી મળશે
૫-સિટર
૭-સિટર

સંપર્ક- અનિલભાઈ
મો.97242 60058



સંપર્ક–મિતેશ દેસાઈ
Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# વ્યારા રેલવે સ્ટેશન પર ૧૦ ટ્રેનને સ્ટોપેજ માટે ઉત્તર ભારતીય સમાજે માંગણી કરી




વ્યારા- તાપી જિલ્લામાં ઉત્તર ભારતીય સમાજ મોટી સંખ્યામાં વસવાટ કરે છે.જેઓ દ્વારા ધાર્મિક તહેવાર છઠ પૂજા અને દિવાળીના શુભ અવસર પર વ્યારા રેલ્વે સ્ટેશન પર ૧૦ વિશેષ ટ્રેનોને સ્ટોપેજ આપવા માટે રેલવેના મુંબઈ ખાતે લેખિતમાં રજૂઆત કરી હતી. વ્યારા ખાતે ટ્રેનોના સ્ટોપેજ અને ટ્રેનોની સુવિધા માટે સતત અવાજ ઉઠાવતા તાપી

જિલ્લા ઉત્તર ભારતીય સેવા સમાજના પ્રમુખ હિતેન્દ્રભાઈ ઉપાધ્યાય તેમજ મહામંત્રી વિનોદભાઈ મિશ્રા અને સભ્યો દ્વારા મહા પ્રબંધક રેલવેના અધિકારીને લેખિતમાં રજૂઆત કરી હતી જેમાં જણાવ્યા મુજબ આવનારા થોડા દિવસોમાં શુભ દિવાળી અને છઠ પૂજા જેવા ધાર્મિક તહેવારો આવશે. દિવાળીનો શુભ તહેવાર દેશભરમાં ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે, તેથી મુસાફરો ટ્રેનો દ્વારા પોતપોતાના ગામો અને શહેરોમાં જઈને દિવાળીના તહેવારની ઉજવણી કરે છે.

તાપી જિલ્લામાં મોટી સંખ્યામાં લોકો ઉત્તર ભારતીય સ્થળાંતર સમુદાયના છે, જેઓ બિહાર, ઉત્તર પ્રદેશ, ઓડિશા, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, ઝારખંડ અને અન્ય રાજ્યોમાંથી આવે છે. તેથી અધિકારીઓ, વેપારીઓ, દૈનિક વેતન મજૂરો વગેરે તેમના પરિવારો સાથે રહે છે.

દિવાળી અને છટ પૂજાના તહેવારોને કારણે મુસાફરોની ભારે અવરજવર રહે તેવી શક્યતા હોવાથી તમામ ટ્રેનો ફુલ થઈ જાય છે.જેથી ઉત્તર ભારત તરફ જતી કોઈપણ વિશેષ પેસેન્જર ટ્રેન માટે વ્યારા રેલ્વે સ્ટેશન પર હોલ્ટ આપવા માંગ કરીએ છીએ. આ સ્ટોપ ઉત્તર ભારતીય સમુદાય અને મજૂર વર્ગને ઘણો ફાયદો થશે, જે તેમને રેલ પરિવહન દ્વારા સુરક્ષિત અને સગવડતાપૂર્વક તેમના ગંતવ્ય સ્થાનો પર પહોંચવાની તક આપશે. આ સાથે, તે રેલ્વે માટે વધારાની આવકનું ઉત્પાદન પણ સુનિશ્ચિત કરશે.

આ ટ્રેનના સ્ટોપેજની માગ બરૌની એક્સપ્રેસ (૦૯૦૬૭-૦૯૦૬૮), દાનાપુર સુ.ફા એક્સપ્રેસ (૨૦૯૩૩-૨૦૯૩૪) ૨, છપરા સ્પેશિયલ ફેર ફેસ્ટિવલ (૦૯૦૧૩-૦૯૦૧૪), વારાણસી મહામના એક્સપ્રેસ (૨૦૯૦૩૨૦૯૦૪), જયનગર-અંત્યોદય એક્સપ્રેસ (૨૨૫૬૪-૨૨૫૬૩), સહર્ષશા-હમસફર એક્સપ્રેસ (૨૨૯૧૩-૨૨૯૧૪), દાનાપુર સ્પેશિયલ ફેર ફેસ્ટિવલ (૦૯૦૬૩-૦૯૦૬૪), અંશોલ વીકલી એક્સપ્રેસ (૧૯૪૩૫-૧૯૪૩૬), પુરી-અજમેર એક્સપ્રેસ (૨૦૮૨૩ ૨૦૮૨૪), રામેશ્વરમ-ઓખા એક્સપ્રેસ (૧૬૭૩૪-૧૬૭૩૩)

# પોલીસ સંભારણા દિવસઃ પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં શહીદોને શ્રદ્ધાજલી અપાઈ, સમાજની રક્ષા કરતા શહાદત વહોરી તેમને સલામ આપું છુંઃ હર્ષ સંઘવી

**સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ હાજર હતા.**



સુરત- સુરતમાં પોલીસ સંભારણા દિવસ નિમિતે ગૃહમંત્રી હર્ષ સંઘવીએ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે શહીદ જવાનોને શ્રદ્ધાજલી અર્પણ કરી હતી. સુરત પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત સહિત અન્ય ઉચ્ચ અધિકારીઓ પણ હાજર હતા.

શહીદ થયેલા પોલિસ જવાનોની યાદગીરી રૂપે દર વર્ષે ૨૧ મી ઓક્ટોબરનો દિવસ દેશભરમાં પોલીસ સંભારણા દિવસ તરીકે મનાવાય છે. અઠવા ગેટ ખાતે આવેલા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ખાતે સવારે ૭:૪૫ વાગ્યે શહીદ સંભારણા દિવસનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી, શહેર પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, તમામ શહીદોને સલામ આપું છું. ૨૧૭થી વધારે પોલીસ જવાનોને કુદરતે સ્લામી આપી છે. પોલીસ માત્ર સુરક્ષા માટે નહી, પરંતુ કુદરતી આફતોમાં સર્વ પ્રથમ ફ્રન્ટ વોરિયર રહ્યું છે. તમામ લોકોની અદ્દભુત ડ્યુટીને લઈ આભાર માનું છું. સમાજની રક્ષા કરતા શહાદત વહોરી છે તેમને સલામ આપું છું.

# સાકરદા ગામથી દસ ગાય, સાત વાછરડા ભરી જતો ટેમ્પો ઝડપાયો



કુકરમુંડા- તાપીના વ્યારાના મગરકુઇ ખાતેથી આઈસર ટેમ્પો ના ચાલક અફઝલ યુસુફ શાહ રહે. વ્યારા ગોલવાડ ઘર નંબર ૬૦૮ સ્વામિનારાયણ મંદિર પાસેથી તા. વ્યારા જિ. તાપી તથા કલીનર ફારૂલ કામલ આલીશર રહે. મગરકુઇ પાટિયા પાસે તા.વ્યારા જિ.તાપી મૂળ રહે. મીઠ વનિયો કી બસ્તી દેરાસર તા. રામસર જિ. બાડમેર (રાજસ્થાન) નાઓ આઇસર ટેમ્પોમા કોઈ પણ આધાર પુરવા વગર અને ઘાસચારો કે પાણી વગર ગાય ૧૦ નંગ તેમજ વાછરાડા ૦૭ નંગ ટેમ્પોમા ટૂંકા દોરડાથી બાંધી ખીચો ખીચ ભરી અને નિઝર તાલુકાના લક્ષ્મીખેડા ગામ ખાતે લઇ જતા હતા. તે દરમ્યાન ઉચ્છલના સાકરદા ગામે સુરત - ધુલીયા નેશનલ હાઇવેની સાઇટમા ચાલકે આઈસર ટેમ્પોને ઉભો કરેલ હતો.

તે વેળાએ નેશનલ હાઇવે વિસ્તારમા પેટ્રોલિંગમા નીકળેલા ઉચ્છલ પોલીસ સ્ટેશનમા ફરજ બજાવતા, પો. કો. વિજયભાઈ રમણભાઈ, પો. કો. પ્રિતેશભાઈ કૃષ્ણકાંતભાઈ, પો. કો. યાબેશભાઈ દ્વારા આ હાઇવેની સાઇટમા ઉભો આઇસર ટેમ્પોના પાછળના ભાગે લાકડાના પાટીયાથી આડશ કરેલ હોવાથી પોલીસ કર્મીએ જે આઈસર ટેમ્પોની ચેકીગ કરતા.

જે સદર આઈસર ટેમ્પોમા ગાયો ૧૦ નંગ તેમજ વાછરડા ૦૭ નંગ ખીચોખીચ હલન - ચલન નહી કરી શકે.

# ગણદેવીના યુવાને એસિડ પીતા હોસ્પિટલમાં




નવસારી- ગણદેવીના ૨૫ વર્ષિય યુવાને કોઇ અગમ્ય કારણસર એસિડ પી લેતા સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ગણદેવી સામુહિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફિસર નેહાબેન ટંડેલે ગણદેવી પોલીસમાં જાણ કરી કે ગણદેવીમાં તેલુગુ સોસાયટીમાં આવેલા હેમંત નટુ હળપતિ (ઉ.વ.૨૫) રહે. માકડા ફળિયા ગણદેવી, તા.૧૯ ઓક્ટોબરના રોજ ઘરે એકલો હતો ત્યારે કોઇ અગમ્યકારણસર એસીડ પી લીધું હતું. હેમંતભાઇને ગળામાં બળતરા થતા સારવાર માટે ગણદેવી સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લઇ ગયા હતા.

ત્યા પ્રાથમિક સારવારમાં નવસારી સિવિલ હોસ્પિટલમાં રિફર કર્યો હતો. વધુ તપાસ અ. હે. કો. ભાવેશભાઇ દિનેશભાઇ કરી રહ્યાં છે.

॥ સદ્ગુરૂ કૃપા ॥

સુખ શાન્તિ સબ કો મિલે, યહ ઉપદેશ હમાર । સારા વિશ્વ હમાર હૈ, હમ હૈં સબ સંસાર ॥
હાર્દિક આમંત્રણ...
વિહંગમ યોગ સંત સમાજના
શતાબ્દી ઉજવણી મહોત્સવ અને
૨૫૦૦૦ કુંડીય સ્વર્વેદ જ્ઞાન મહાયજ્ઞ
નિમિત્તે સ્વર્વેદ કથામૃતના પ્રણેતા
સુપૂજ્ય સંત પ્રવર વિજ્ઞાનદેવજી મહારાજ
ની પ્રવિત્ર હાજરીમાં
જય સ્વર્વેદ કથા

શુક્રવાર
૨૫ ઓક્ટોબર ૨૦૨૪
સાંજે : ૦૪:૩૦ વાગેથી
૦૮:૩૦ વાગ્યા સુધી
સત્સંગ પછી મહાપ્રસાદ
કન્યાકુમારીથી કાશ્મીર સુધીની
રાષ્ટ્રવ્યાપી સંકલ્પ યાત્રા
સ્થાન : શ્રી કાછિયા પાટીદાર સમાજ
શ્રી વિઠ્ઠલવાડી, બારડોલી-કડોદ રોડ, બારડોલી
સેવા, સત્સંગ અને સાધનાની આ દિવ્ય ત્રિવેણીમાં તમારા પરિવાર સાથે હાજર રહો અને જીવનમાં સર્વાંગી વિકાસ તરફ આગળ વધો
ગૌરાંગ વાંસિયા મો. ૮૯૮૦૬ ૬૪૦૦૮
હર્ષરાજસિંહ મહિડા મો. ૯૭૧૨૩ ૦૨૧૦૫
રવિરાજ પરમાર મો.૯૫૧૨૧ ૧૯૧૩૮
TCT
વ્યસનમુક્તિ કેન્દ્ર, બારડોલી

Date-23/10/2024 Wednesday

# ગુજરાત આત્મીયતા


ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## કેવડિયા ખાતે બનશે મ્યુઝિયમ ઓફ રોયલ કિંગડમ, દેશના પદ્દર રજવાડાનું યોગદાન દર્શાવાશે, PM મોદી કરશે ખાત મુહૂર્ત

સ્ટેચ્યુ ઓફ યુનિટી બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતને વધુ એક ભેટ આપવા જઇ રહ્યા છે. કેવડિયા ખાતે ૨૬૦ કરોડના ખર્ચે મ્યુઝિયમ ઓફ રોયલ કિંગડમ બનાવવામાં આવશે.૩૧ ઓક્ટોબરે એકતા દિવસે ડ્ખ મોદી તેનું ખાત મુહૂર્ત કરશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતને વધુ એક ભેટ આપવા જઇ રહ્યા છે. કેવડિયા ખાતે ૨૬૦ કરોડના ખર્ચે મ્યુઝિયમ ઓફ રોયલ કિંગડમ બનાવવામાં આવશે.૩૧ ઓક્ટોબરે એકતા દિવસે ડ્ખ મોદી તેનું ખાત મુહૂર્ત કરશે.





મ્યુઝિયમ માટે કમિટી ૨૦૨૧ રાજય સરકરે કમિટી બનાવી હતી. કમિટી દ્વારા અલગ અલગ રાજયોની મુલાકાત લેવામાં આવી હતી. તેમજ વર્તમાન રાજ પરિવારોના મત અને સૂચન લેવાયા હતા.

અત્યાર સુધી દિલ્હી, વડોદરા, રાજકોટ, રાજસ્થાન, મેસુર સહિત દેશમાં ૧૫ પ્રિન્સી સ્ટેટ સાથે કમિટીએ મુલાકાત કરી છે. ખાત મુહૂર્ત સમયે દેશના મહત્તમ રાજ પરિવારો ઉપસ્થિત રહેશે.

કેવડિયામાં આ મ્યુઝિયમ ૫ એકર જમીનમાં બનશે. ભારતની આઝાદી સમયે પદ્દર રાજવી પરિવારોના બલિદાન અને ત્યાગની થીમ પર આ મ્યુઝીયમ તૈયાર કરાશે.

સરદાર પટેલ અને રાજવી પરિવારોના સન્માનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું આ વધુ એક પગલું છે. જેથી સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે જ મ્યુઝિયમ બનશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મહત્વના પ્રોજેકટમાનો આ એક પ્રોજેક્ટ છે. આ પ્રોજેક્ટ ૨૬૦ કરોડ રુપિયાના ખર્ચે તૈયાર થવાનો છે. ૨ વર્ષમાં આ મ્યુઝિયમ તૈયાર કરવામાં આવશે.

## પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ માટે ઈ કેવાયસીની કામગીરી ઝડપી કરવા માટે તાકીદ કરાઈ



બારડોલી- જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેકટર ડો. સૌરભ પારધીના વડપણ હેઠળ જિલ્લા કલેકટર કચેરીના સભાખંડમાં મળી હતી. જેમાં જન પ્રતિનિધિઓએ રજૂ કરેલા પ્રશ્નોનો સમયમર્યાદામાં નિકાલ આવે તે માટે સબંધિત અધિકારીઓને કાર્ય કરવા માટે કલેકટરે સુચનાઓ આપી હતી.

બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે કહ્યું કે, એસ. સી. જાતિના ધો. ૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓને આપવામાં આવતી પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા માટે ઈ-કેવાયસીની કામગીરી જે તે શાળાઓ દ્વારા મંદગતિએ ચાલતી હોય કામગીરી ઝડપી થાય તે અંગેની રજૂઆત કરી હતી. જે સંદર્ભે કલેકટરે જિલ્લા શિક્ષણાધિકારી, શાસનાધિકારી, પ્રાથમિક શિક્ષણાધિકારીઓને જે તે શાળાઓને કામગીરી ઝડપી કરવાની સુચના આપી હતી.

મગદલ્લા-ધુલીયા નેશનલ હાઈવે નં. ૫૩ પર આવેલ ધુલિયા ચોકડી બ્રિજની નીચે બારડોલી નગરપાલિકા દ્વારા બ્યુટીફિકેશન માટે જગ્યા ફાળવવા માટે રજૂઆત સંદર્ભે કલેકટરે હાઈવેના અધિકારીને તત્કાલ જગ્યા ફાળવવા જણાવ્યું હતું. વિઝોળીયા ગામે વરસાદી પાણીની કોતર ખુલ્લી કરવામાં નહી આવે તો ખેતીના પાકને મોટા પ્રમાણમાં નુકશાન થાય તેમ હોય જેથી કલેકટરે સંબધિત અધિકારીને કોતર ખુલ્લી કરવાની સુચના આપી હતી. આ ઉપરાંત તેમણે બારડોલી તા. પંચાયત ખાતે આધારકાર્ડની કીટમાં ઓપરેટર ફાળવવા રજૂઆતો કરી હતી. બેઠકમાં જિ. પંચાયત પ્રમુખ ભાવિનબેન પટેલ, નિવાસી અધિક કલેકટર વિજય રબારી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક, પ્રાંત અધિકારીઓ, મામતલતદારો, સંબધિત વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વ્યારા કાનપૂરામાં વીજ થાંભલા પર રેડિયમ પટ્ટી લગાવાતા વાહન ચાલકોને રાહત થશે

વ્યારા- વ્યારા નગરના કાનપુરા વિસ્તારમાં મુખ્ય માર્ગ પર આવેલા લાઈટનો થાંભલા પર રિફ્લેકટરના અભાવે એક અઠવાડિયામાં ત્રણથી વધુ ગાડીઓ રાત્રિના સમયે અથડાતા નુકસાન થઈ રહ્યું છે. નગરપાલિકા સહિત સબંધિત તંત્ર દ્વારા આ બાબતે ગંભીરતા દાખવી અને તાત્કાલિક થાંભલા પર રિફ્લેકટર લગાવવા માટે રજૂઆત કરતા સોમવારે થાંભલા પર રેડિયમ પટ્ટી લગાવી દેવાઈ હતી. વ્યારા નગરના મુખ્ય માર્ગ પર નગરપાલિકા દ્વારા નગરની સુવિધા માટે સ્ટ્રીટ લાઇટ મૂકવામાં આવી હતી. આ સ્ટ્રીટ લાઇટના થાંભલાઓ કાળા કલરના થઈ જતા તેમજ ત્યાં ઓછા પ્રકાશ પડવાના કારણે મુખ્ય માર્ગની વચ્ચોવચ હોય જેને લઇને વાહન ચાલકો રાત્રિના સમયે આ થાંભલા ને જોઈ શકતા નથી અને અવારનવાર અકસ્માતોની વણજારો થઈ રહી છે.



## બારડોલીમાં મેટ્રોલોજી વિભાગ ત્રાટકતા ૩૫ થી વધુ દુકાનોને દંડ ફટકારાયો



બારડોલી સામી દિવાળીએ વિવિધ સરકારી વિભાગ દ્વારા ચેકીગ શરૂ કરાતા આજરોજ બારડોલીમાં સુરત તોલમાપ ધારા વિભાગની ટીમ દ્વારા કડક ચકાસણી હાથ ધરી હતી. ચકાસણી દરમિયાન આશરે ૩૫ થી વધુ દુકાનોને દંડ ફટકારાયો હતો. સુરતના વિભાગીય આસિસ્ટન્ટ કમિશનર ઓફ મેટ્રોલોજી ડિપાર્ટમેન્ટ( તોલમાપ વિભાગ )ના કડક અભિગમ સાથે બારડોલીમાં વિવિધ દુકાનોમાં ચકાસણી કરાઈ હતી. સોના, ચાંદીની દુકાનો, મીઠાઈની દુકાનો, ડેરી પાર્લર, ઇલેક્ટ્રિક અને ઇલેક્ટ્રોનિક સમાનની તથા બેકરી સહિતની દુકાનોમાં મદદનીશ નિયંત્રક એલ.એન.પટેલ અને તેઓની ટીમ દ્વારા ચકાસણી હાથ ધરવામાં આવી હતી. વિવિધ સામગ્રીઓના વજન , માપ, પેકિંગ અને આમ.આર.પી સહિતની વિગતો વગર વહેંચાતી આઇટમોને તપાસની વરૂણીમાં લેતા બારડોલીના રાજમાર્ગ ઉપર આવેલ વિવિધ ૩૫ થી વધુ દુકાનોને કુલ ૪૪,૦૦૦/- થી વધુ રકમનો દંડ ફટકારાયો હતો. દિવાળીના તહેવારો નજીક છે. તેવા સમયે સરકારી વિભાગ દ્વારા અચાનક રેડ કરાતા વેપારી વર્ગમાં ફફડાટ ફેલાયો હતો.

## પીપોદરા ગામે રીક્ષાચાલકે ગફલતભરી રીતે હંકારી પલટી મરાવી દેતા અકસ્માત; કોસંબા પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી

બારડોલી- પીપોદરા ગામે સર્વિસ રોડ પર રીક્ષાચાલકે વાહન પૂરઝડપે હંકારી સ્ટીયરિંગ ઉપરનો કાબુ ગુમાવી પલ્ટી મરાવી દેવાનાં કારણે રીક્ષામાં સવાર એક સૌરાષ્ટ્રવાસી પેસેન્જરનું મોત થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, મુળ ગીરસોમનાથ જિલ્લાનાં ભીગરણ ગામ ખાતે રહેતા રાજ ભુપતભાઈ પામક તેમનાં મિત્ર દુર્ગેશ અને જયદીપ સાથે પોતાનાં ખાતા ઉપરથી રીક્ષા નં.જીજે-૧૯-ડબ્લ્યુબી-૧૧૫૧માં બેસી કીમ ચારરસ્તા ખાતે જઈ રહ્યા હતા. જે દરમિયાન પીપોદરા ગામે ને. હા.નં-૪૮ના સર્વિસ રોડ પર ઉપરોક્ત રીક્ષાચાલકે પોતાનું વાહન પૂરઝડપે અને




ગફલતભરી રીતે હંકારી સ્ટીયરિંગ ઉપરનો કાબુ ગુમાવી દેતા રીક્ષા રોડ ઉપર ઉભી રહેલી ગાય સાથે ધડાકાભેર અથડાઈ પલ્ટી મારાવી ચાલક રીક્ષા લઈ ફરાર થઈ ગયો હતો.

સદર અકસ્માતની ઘટનામાં રીક્ષામાં સવાર રાજ પામકનું શરીરનાં વિવિધ ભાગે ગંભીર ઇજાઓ પહોચતા મોત નીપજ્યું હતું. તેમજ દુર્ગેશ અને જયદીપને નાની-મોટી ઇજાઓ પહોચતા તેને સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

## તાલુકા કક્ષાનું વિજ્ઞાન-ગણિત-પર્યાવરણ પ્રદર્શનઃ

## બ્લોક રિસોર્સ સેન્ટર ઓલપાડ આયોજીત પ્રદર્શન સોદામીઠા હળપતિ આશ્રમ શાળા ખાતે યોજાયું

બારડોલી- જી. સી. ઈ. આર. ટી. ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન સુરત પ્રેરિત તાલુકા કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન સોદામીઠા હળપતિ આશ્રમ શાળા ખાતે તાલુકા પંચાયતનાં પ્રમુખ નીતાબેન પટેલનાં અધ્યક્ષસ્થાને યોજાયું હતું. આ પ્રદર્શનમાં બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલે ઉપસ્થિત સૌને આવકારી કાર્યક્રમનો ચિતાર રજૂ કર્યો હતો.

ચાલુ વર્ષની થીમ 'ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી' સંદર્ભે કુલ-૫ વિભાગમાં બાળ વૈજ્ઞાનિકોએ ૫૫ જેટલી કૃતિઓ રજૂ કરી હતી. ચાલુ વર્ષની થીમ 'ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને ટેક્નોલોજી' સંદર્ભે કુલ-૫ વિભાગમાં બાળ વૈજ્ઞાનિકોએ ૫૫ જેટલી કૃતિઓ રજૂ કરી હતી. જેમાં વિભાગવાર શ્રેષ્ઠ જાહેર થયેલ કૃતિઓ આ મુજબ છે. વિભાગ-૧ ખોરાક, આરોગ્ય અને સફાઈ (દાંડી પ્રાથમિક શાળા), વિભાગ-૨ પરિવહન અને સંચાર



(કોબા પ્રાથમિક શાળા), વિભાગ-૩ પ્રાકૃતિક ખેતી (જીણોદ પ્રાથમિક શાળા), વિભાગ-૪ ગાણિતિક નમૂના અને ગણનાત્મક ચિંતન (ટકારમા પ્રાથમિક શાળા), વિભાગ-૫ આપત્તિ વ્યવસ્થાપન (સરસ પ્રાથમિક શાળા). આ તમામ કૃતિઓ જિલ્લા કક્ષાએ ઓલપાડ તાલુકાનું પ્રતિનિધિત્વ કરશે. બાળ વૈજ્ઞાનિકોને સત્યનારાયણ ચેરીટેબલ મેમોરિયલ ટ્રસ્ટ, કીમ તરફથી સ્મૃતિભેટરૂપે બેગ અર્પણ કરવામાં આવી હતી.

બાળ વૈજ્ઞાનિકો તથા માર્ગદર્શક શિક્ષકોને ઉપસ્થિત મહાનુભવોના હસ્તે પ્રમાણપત્ર તથા સ્મૃતિભેટ અર્પણ કરવામાં આવી હતી. આ સાથે શ્રેષ્ઠતાને વરેલ શિક્ષક ભાઈ-બહેનોનું વિશેષ સન્માન પણ કરાયું હતું. બ્લોક રિસોર્સ સેન્ટર, ઓલપાડ આયોજીત આ પ્રદર્શનમાં સર્જનશીલ બાળ વૈજ્ઞાનિકોની કૃતિઓ નિહાળવા સાથે તેમને પ્રોત્સાહિત કરવા તાલુકા પંચાયતનાં ઉપપ્રમુખ કિરણભાઈ પટેલ તથા અન્ય સદસ્યો તેમજ હોદ્દેદારો, ઓલપાડના માજી ધારાસભ્ય અને યજમાન શાળાનાં પ્રમુખ ધનસુખભાઈ પટેલ, ઉપપ્રમુખ મનહરભાઈ પટેલ, મંત્રી જયંતિભાઈ પટેલ, માજી બી.આર.સી. કો-ઓર્ડિનેટર કિરીટભાઈ પટેલ, વિવિધ સહકારી તેમજ શિક્ષક સંઘના હોદ્દેદારો અને આગેવાનો સહિત તાલુકાના તમામ મુખ્યશિક્ષક ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## બ્રિજ પર પડેલી સિમેન્ટની પ્લેટો સાથે બાઇક અથડાતાં યુવાનનું મોત



પાનોલી- પાનોલી જીઆઇડીસી અને ગામ વચ્ચે નવનિર્મિત ઓવરબ્રિજ પર હાલ માત્ર બાઇકની અવરજવને જ મંજૂરી અપાઇ છે. મોટા વાહનો ન આવી જાય તે માટે સિમેન્ટની પ્લેટોની આડાશ મુકાઇ છે બ્રિજ પર લાઇટની વ્યવસ્થા કરાઇ નથી. બ્રિજ ઉપર સિમેન્ટની પ્લેટો સહિતનો કાટમાળ ગમે ત્યાં પડેલો છે. ગત રોજ આલુંજ ગામ ખાતે રહેતો અને મૂળ સુરતના કુરસદનો ૩૭ વર્ષીય મુકેશ વસાવા નોકરી પરથી સાંજે પરત ઘરે જઇ રહયો હતો.

બ્રિજની શરૂઆતમાં અંધારામાં તેને સિમેન્ટની પ્લેટનો કાટમાળ નહિ દેખાતાં બાઇક ધડાકાભેર અથડાઇ હતી. ગંભીર ઇજાને પગલે મુકેશનું સ્થળ પર જ મોત થયું હતું. મૃતકના સસરા ચંદુ વસાવાની ફરિયાદ આધારે ગુનો નોધી તપાસ શરુ કરી હતી. અત્રેઉલ્લેખનીય છે કે આ ઘટનાના એક કલાક પહેલા પણ એક બાઈક ચાલક પણ કાટમાળ સાથે અથડાયો હતો.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

દિવાળી નિમિત્તે સ્પેશિયલ ઓફર



વેપારી ભાઈઓ માટે દિવાળી પર્વ નિમિત્તે જાહેરાત માટેની ખાસ ઓફર ફક્ત... પેપરમાં જાહેરાતના પૈસા ચૂકવી... ગુજરાત આત્મીયતા- ડિજિટલ મીડિયા તથા સોશિયલ મીડિયાના વેબ પેજ ના માધ્યમથી ફ્રી માં પ્રચાર નો લાભ લેવા સંપર્ક કરો...

નોંધ- આ ઓફર ફક્ત લાભ પાંચમ સુધીની છે



http://www.gujataatmiyata.in/

9016924808 Himanshu Thakor

himanshuthakor242 Kutumb

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).